ક્રિમીનલ કેસ નંબર. ૭૪/૨૦૨૧

આંક ૧ લગત હુકમ :-

આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના આરોપી નં.૨કમલેશભાઇ જસવંતભાઇ વસાવા ને આંક ૩ થી સમન્સ ઇસ્યુ કરેલ, તે સમન્સ સદર આરોપી નં.૨ કમલેશભાઇ જસવંતભાઇ વસાવા મરણ ગયેલ હોવાના શેરા સાથે પરત આવેલ અને તે સાથે સદર આરોપી નં.૨ ના મરણનો દાખલો આંક ૪ થી રજુ કરેલ છે.

સદર આંક ૩ નો સમન્સ તથા આંક ૪ નો મરણનો દાખલો ધ્યાને લીધો. આ કામે આંક ૪ ના મરણના દાખલાને ધ્યાને લેતાં આ કામના આરોપી નં.૨ કમલેશભાઇ જસવંતભાઇ વસાવા નાઓ તારીખ ૪.૨.૨૦૨૦ ના રોજ મરણ ગયેલ હોવાની હકીકતને સમર્થન મળેલ છે. આમ આ કામે આરોપી નં.૨ કમલેશભાઇ જસવંતભાઇ વસાવા મરણ ગયેલ હોઇ તેમની સામેનો સદર કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે અને બાકીના આરોપી નં. ૧ અને ૩ થી ૫ નાઓ પુરતો હાલનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ. ૨ જી ડીસેમ્બર, ૨૦૨૨ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૦૨/૧૨/૨૦૨૨

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
માંગરોલ, જી. સુરત
Judge Code : GJ00572